મંત્ર આપતા પહેલા ગુરુદેવ જે પ્રવચન આપે છે એનો વીડીઓ અંગ્રેજી સબટાઈટલની સાથે યૂ-ટ્યુબ અને વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

હું પહેલા તમને સિદ્ધ યોગ નો દાર્શનિક પક્ષ બતાવી દઉં. કારણકે ધર્મના નામ થી આજ સુધી આ પરિવર્તન નથી આવ્યું એ એક સત્ય છે.
હવે ધર્મગુરુ ના માધ્યમ થી અસાધ્ય રોગ મટી રહ્યા છે તો આ દુનિયાવાળા, વિજ્ઞાનવાળા તો આશ્ચર્ય કરે જ કરે.
કલીયુગ ના કારણે ધર્મ પતન ના કાળ થી પસાર થતો આવ્યો છે પણ પતન ની પણ એક સીમા હોય છે.
હવે જયારે નીચે જવા માટે કોઈ અવકાશ જ નથી તો ઉથાન થવા નું શરૂ થઇ જાય છે.
સૃષ્ટી નું ઉથાન-પતન થતું આયુ છે. તો આપણું પણ એક ઉથાન શરૂ થઇ ગયું છે.
આ ધર્મ વિશ્વ-ધર્મ થશે. ખાલી ઉપદેશાત્મક રીતે કથા કરીને દુનિયા માનતી તો પહેલા જ માની જતી.
તો યોગ ની બહુ ચર્ચા થાય છે. કુંડલીની ની પણ ખુબ ચર્ચા થાય છે.
પશ્ચિમ માની ચુક્યું છે કે ધન-શક્તિ અને બળ-શક્તિ થી તો અમે જોર લગાઈ લીધું છે પણ શાંતિ નથી આવી શકી, હવે ખાલી એક જ આત્મ-શક્તિ જ છે. જો મનુષ્ય મા કુંડલીની શક્તિ જાગૃત થઇ જાય તો જ વિશ્વ-શાંતિ સંભવ છે.
યોગ ના નામ પર આ શારીરિક કસરતો આખા વિશ્વ માં થઇ રહી છે.
હું અમેરિકા ગયો, ત્યાં પણ આ શારીરિક કસરતો ને જ યોગ કહે છે.
પણ ભારતીય યોગ-દર્શન મા જે સિદ્ધયોગ નું વર્ણન આવે છે એનો મૂળ ઉદેશ્ય તો મુક્તિ છે, મોક્ષ છે ભાઈ.
ભારતીય દર્શન રોગ ની વાત જ નથી કરતુ. જો પાતંજલિ યોગ-દર્શન નું ઉદાહરણ આપવા મા આવે તો, પતંજલિ યોગ-દર્શન ને ઉઠાઈ ને તમે જોઈ લો, ૧૯૫ સૂત્રો છે એમા, એમા ક્યાય પણ રોગ નું વર્ણન ક્યાય નથી. એતો પૂર્વ-જન્મ ના જે સંસ્કાર છે એના બીજ નષ્ટ કરવા ની વાત કરે છે.
પાતંજલિ યોગ-દર્શન મા ૪ પ્રકરણો છે. સમાધિ-પાદ, સાધન-પાદ, વિભૂતી-પાદ અને કેવલ્ય-પાદ.
પહેલું પ્રકરણ સમાધિ-પાદ, એમા ઋષિમુની એ બીજા જ સુત્ર માં કહ્યું છે કે ચિત ની વૃત્તિઓ નો નિરોધ જ યોગ છે.
આ જે (મન) ભાગી રહ્યુ છે રોકાતું નથી, જ્યાં સુધી એ ચુપ થઇ ને બેસી નહિ જાય ત્યા સુધી ન તો ધ્યાન છે ન તો કોઈ યોગ છે.
અને સમાધિ-પાદ માં જ ૨૪ થી લઇ ને ૨૯ સૂત્ર સુધી ઋષિ એ સ્પષ્ટ કહ્યું છે કે હરી-નામ જપ વગર કોઈ સિદ્ધિ નથી, કોઈ મુક્તિ નથી.
આ યુગ માં ખાલી ઈશ્વર નું નામ-જાપ જ મોક્ષ પર પહોચાડે છે.
હવે મોક્ષના માર્ગ પર આગળ વધવા માટે જ્યાં સુધી સાધકના બધાંજ કષ્ટો દૂર નથી થતા ત્યા સુધી એને મુક્તિ નથી મળી શકતી.
તો આ એક એવું જ્ઞાન પ્રકટથઇ રહ્યું છે મારા જેવા સાધારણ માણસ ના માધ્યમ થી.
હું પણ તમારા જેવો ઘર સંસાર વાળો એક માણસ છુ ભાઈ. કોઈ વિશીષ્ટ માણસ નથી, મહાન માણસ નથી.
હું ઉપર બેસી ગયો, તમે નીચે બેસી ગયા, હું મોટો નથી થઇ ગયો, તમે નાના નથી થઇ ગયા.
આ એક વ્યવસ્થા ચાલતી આવી રહી છે, સમજ્યા?
તો આ યોગમ મા બે રીત છે. હું તમને એ આજે બતાવી દઉં કે આપવા-લેવા ની કોઈ ગુરુ માં સમાંર્થ્યતા નથી.
જેવું તમારું શરીર એવું મારું શરીર. મારા માં એક પરિવર્તન આવ્યું છે, નાથજી ની શરણ માં ગયો ત્યારથી.
તમારા માં પણ એ પરિવર્તન આવી શકે છે. દરેક માનવ માત્ર માં એ પરિવર્તન અવિ શાકે છે. સ્ત્રી-પુરૂષ માં આ પરિવર્તન આવી શકે છે. ફક્ત તમારે તમારી જાત ને ઓળખવાની જરૂર છે કે તમે કોણ છો?
હું તો તમને તમારો જ પરિચય કરવીશ કે તમે કોણ છો? તમે આ શરીર નથી. તમે આત્મા છો જે અજર-અમર છે.
આપણા ધર્મ માં કહ્યું છે કે ગુરુ વગર મુક્તિ નથી થતી.
હવે મુક્તિ કોઈ રમકડું છે કે ગુરુ ની પાસે જતા જ એ હાથ માં પકડાઈ દે. ભાઈ,

એ તો એક રસ્તો બતાવે છે કે આ મંજિલ પર પહોચવા માટે નો આ રસ્તો છે અને એ ફક્ત એક જ છે નામ-જાપ.
ગોસ્વામી તુલસીદાસજી એ કહયું છે કે "કલીયુગ કેવલ નામ આધારા, સુમરી -સુમરી નર ઉતારે પારા".
કલીયુગ મા ફક્ત ઈશ્વર ના નામ જપ થી જ બધી સમસ્યાઓ નો અંત આવે છે, સમજ્યા.
મંત્ર-દીક્ષા નું વિધાન જુઓ. હઠ-યોગ, જપ-યોગ, લય-યોગ એવા એના ઘણા પ્રકાર ના યોગ છે.
પણ હું જેની દીક્ષા આપું છુ એ છે સિદ્ધયોગ, અને દીક્ષાની પધ્તી છે શક્તિપાત-દીક્ષા. (>>>>>>>>>)
જેમાં ગુરુ ૪ અલગ અલગ પ્રકારમાંથી કોઈ એક રીતે સાધક ને ચેતન કરે છે. આજ્ઞા-ચક્ર અથવા મૂલાધાર પર હાતથી સ્પર્શ કરી, અથવા મંત્ર આપી અથવા સાધક તરફ માત્ર નજર નાખી. આવી રીતે ગુરુ દ્વરા શક્તિપાત કરવામાં અવ્વે છે. ચોથા પ્રકારમાં તો સાધક પોતાની માત્ર ઈચ્છા થી ગુરુનો અનુગ્રહ એટલેકે દીક્ષા મેળવી લે છે અને ગુરુ તો બેઠો જોતો રહી જાય છે.
આવી રીતે પોતાની ઈચ્છા મુજબ ગુરુ પાસેથી શક્તિપાત દીક્ષા મેળવનાર સાધક તો ખુબજ ઓછા હોય છે. જેમ કે એકલવ્ય એ આ રીતે દીક્ષા મેળવી લીધી, કબીર સાહેબે લઈલીધી.
તો આ પ્રકારે એક પરિવર્તન આવી રહ્યુ છે. ઈશ્વર ના નામ-જપ થી આવી રહ્યુ છે.
આ કોઈ જાદુ નથી, કોઈ ચમત્કાર નથી. લોકો દેખાડો કરે છે, ધાર્મિક હોવાનો દેખાડો કરે છે.
દુનિયા ને દેખાડવા માંગે છે કે જુઓ અમે કેટલા ધાર્મિક છીએ. સમજ્યા.
હવે કોઈ (હિંદુ) વ્યક્તિ ને પૂછવામા આવે કે તેઓ કઈ જાતિ કયા ધર્મ ના છે તો તે કહે કે હિંદુ છું.
પણ તેને પૂછવામાં આવે કે હિંદુ શું હોય છે? યુરોપ ના ધાણા, એટલેકે ત્યાંના જિજ્ઞાસુ લોકો પૂછે કે, વોટ ઇસ હિન્દુઇસમ? તો જવાબ મળે છે જે કર્મકાંડ, પૂછા-અર્ચના કરે છે, મંદિરોમાં જાય છે તે હિંદુ.
હું તો કહું છુ કે હિંદુ નો અર્થ તો પૂર્ણ વિકસિત માનવ. પછી ભલે એ કોઈ જાતિ નો હોય, ધર્મ નો હોય. હિંદુ ધર્મ મનુષ્ય ની પૂર્ણતા ની વાત કરે છે.
મહર્ષિ અરવિન્દે એક જગ્યાએ લખ્યું છે કે હાલ ની મનુષ્ય જાતી તો સંક્રમણ અવસ્થામાં વિકસિત નથી પણ ભવિષ્યમાં તે પૂર્ણ અવસ્થામાં પહોચશે.
તો મનુષ્ય પરિવર્તનશીલ પ્રાણી છે અને એ પૂર્ણતા પ્રાપ્ત કરશે. મહર્ષિ ની ભવિષ્યવાણી છે કે હવે પછીની માનવ-જાતિ દિવ્ય-સ્વરૂપ ધારણ કરશે.
ડીવાઈન ફોર્મ માં બદલાઈ જશે. આનાથી વિજ્ઞાન ખુબજ હેરાન છે. પણ એઇડ્સ કેન્સર ઠીક થઇ રહ્યાં છે એનો શું જવાબ છે આપણી પાસે?
આ સિદ્ધયોગમાં બે રીત છે ભાઈ, નામ-જપ અને ધ્યાન. પહેલા તો જે નામ(મંત્ર) ગુરુ આપે છે, તેને નિરંતર જપવા નો હોય છે. રોઉંન્ડ ધ ક્લોક.
હવે જપ વિજ્ઞાન માં એક શબ્દ છે અજપા-જપ, અજપા-જપ ભાઈ તમારી અંદર જે બેઠુ છે, તે જ જપવાનું શરુ કરી દેશે.
રૈદાસજી ના ભજન માં સ્પષ્ટ થાયે છે કે અજપા શું છે?
રૈદાસજી ના ગુરુ એ કહ્યુ કે, આ નામ જપો તો જપવા લાગ્યો બિચારો. હવે તે બંધ જ ના થાય. રૈદાસ જી પરેશાન થવા લાગ્યા.
કહેવા લાગ્યા, હવે કેમ છૂટે નામ રટ લાગી.
આ રીતે નામ જપ કરીને તમે જે બીમાર છો, કેન્સર છે, એઇડ્સ છે, કોઈ પણ અસાધ્ય રોગો છે, તો સારા થઈ જશો.
મહર્ષિ અરવિંદ એ કહ્યુ છે કે આ દેશ નો ઉદ્ધાર બે મંત્ર કરશે. પેહલો ૧૯૦૬ માં પ્રગટ થયી ગયો તે હતો "વંદે માતરમ".
આજે પણ આપણ ને વંદે-માતરમ નથી બોલવા દેવા માં આવતો. આ હકીકત છે.
બીજા માટે અરવિંદે કહ્યું છે કે તે સંજીવની મંત્ર છે. હું જે દીક્ષા આપી રહ્યો છુ, તે સંજીવની મંત્ર છે.
હું તમને આ એટલા માટે કહી રહ્યો છુ કે તમને જણાઉં કે આ સંજીવની માં ખરેખર છે શું?.

લક્ષ્મણ ને તીર વાગ્યુ શક્તિ નું, તો બેહોશ થઈ મોર્છીત થઈ ગયા. તો હનુમાનજી સંજીવની બૂટી લાવ્યા, તેના થી લક્ષ્મણ હોશ માં આવી ગયા. ચેતના પણ આવી ગયી. જો મૃત્યુ પામ્યા હોત તો સંજીવની કામ ના કરતી.
તો તમને જે પણ હોયે, એઇડ્સ હોય, કેન્સર હોય, હેપેટાઈટિસ "બી" હોય, બ્લડ કેન્સર હોય, કઈ પણ હોય.
મેડીકાલ સાયન્સ એ એને અસાધ્ય કહી દીધું હોય, પણ આ મંત્ર તમે સાંભળી લોધો, તો એનાથી મૃત્યુ નહી પામો.
(>>>>>>>>>)
ઈ.સ. ૨૦૦૦ ની વાત છે. કેટલાક લોકો એક દિવસ મારા આશ્રમમાં એક ખુબજ બીમાર માણસને ખાટ પર મૂકી લઇ આવ્યા. એનું નામ ભવરલાલ હતું. મારા ત્યાં લાવતા પહેલા એ જોધપુરના ડોક્ટર મથુરદાસ માથુર ન હોસ્પિટલમાં એડમિટ હતો જ્યાં એના પર એઇડ્સ નો ઈલાજ ચાલતો હતો. ત્યાં લાંબી સારવાર થઈ એમ છતાં એની તબિયત બગડતી રહી અને એક દિવસ ત્યાના ડોક્ટરોએ એના સગાવાળાઓને કહી દીધું કે ભાવાર્લાલને ઘરે લઇ હવે એ બે ચાર કલાકનો મેહમાન છે. ભવરલાલના એ દિવસે તો ના મર્યો. પણ એના બચવાનો કોઈ ઉપાય ન્ રહ્યો તો એનો ભાઈ અને સગાવાળા એને મારી પાસે ગુરુવારે સાંજે લઇ આવ્યા એમ સાંભળી ને કે ગુરુજીના ત્યાં રોગો મટી જાય છે
મેં એને મંત્ર દીક્ષા આપી. આશ્રમના વરંડા માં સુતા-સુતા ભવરલાલે એ મંત્ર સાંભળ્યો અને જપવાનું શરુ કરી દીધું. ઘરે ગયા પછી પણ એને નામ જપ સતત ચાલુ રાખ્યો, તો ૩-૪ દિવસ માં એની તબિયતમાં ભુબજ સુધાર આવ્યો.
.એના પછી ભવરલાલ જયારે મને મળ્યો ત્યારે એને મને કહ્યું કે ગુરુજી તમારી પાસે મને પહેલી વાર લાવ્યા ત્યારે હું બોલી શકતો નહોતો, આંખ પણ ખોલી શકતો નહતો, હાલી પણ નહોતો શકતો. એટલી તાકાત હતી જ નહિ. માત્ર સાંભળી શકતો હતો, સમઝી શકતો હતો.
અને તે માણસ આજે પણ પૂર્ણ સ્વસ્થ છે. ૭ વર્ષ થઇ ગયા. સમજ્યા?
તો આ એક એવો મંત્ર છે, શક્તિપાત દીક્ષા નો એક સિદ્ધાંત છે, એક સંજીવની મંત્ર છે.
તેના વિષય માં અરવિંદે લખ્યું છે કે તે ખુબજ ગુપ્ત મંત્ર છે કારણ કે એ હજુ પ્રગટ નથી થયો. તો હું તો રાધા અને કૃષ્ણ ના મંત્ર ની દીક્ષા આપુ છું ભાઈ. એ કૃષ્ણ ની શક્તિ છે કે જે તમને જીવન આપી દે છે. કૃષ્ણ જે છે તે પૂર્ણ અવતાર હતા. એમના માટે કોઈ પણ કામ અસંભવ નથી.
હવે તો ઠીક છે કે કૃષ્ણ ના નામ થી દુકાનદારી ચાલી રહી છે.
તમે પણ જાણો છો.. હું પણ જાણું છું. યોગ નામ થી જે બજાર ચાલી રહ્યું છે, ખુબ વેચાયે છે.
પશ્ચિમ માં પણ વેચાયે છે. ફક્ત આ દેશ માં જ નથી વેચાતું . અમેરિકા માં પણ ખુબ વેચાયે છે. ખુબ મહોન્ગું વેચાયે છે.
તો આ રીતે તમને જે નામ (મંત્ર) કહીશ, તેને તમારે દરેક સમય જપવાનો છે.. સિદ્ધયોગ નું બીજું પાસુ છે ધ્યાન.
હવે આપણું યોગ દર્શન કહે છે કે "જે બ્રહ્માંડ માં છે, તે બધુ જ પિંડમાં છે અને જે પિંડમાં છે, તે બધુ જ બ્રહ્માંડ માં છે."
જ્યારે આખું બ્રહ્માંડ જ તમારી અંદર છે, તો બધા દેવતા અને દાનવ તમારી અંદર છે.
એક કેન્સર ના ડોક્ટર (આર. કે. ચૌધરી) બીકાનેર માં આવી ગયા મારી પાસે ૨૦૦૦ ની આસ-પાસ.
આજ કાલ તેઓ અજમેર માં હોસ્પિટલ સુપેરીન્ટેનડેન્ટ છે. મેં કહ્યું, "ડોક્ટર સાહેબ, કેન્સર શા માટે સારુ નથી થતુ?" કહેવા લાગ્યા "ગુરુજી ખબર જ નથી તેની જડ ક્યાં છે."
મેં તેને કહ્યું બી.બી.સી. માં કેન્સર વિષે એક ન્યૂજ આવી હતી કે એમાં શરીર ના કેટલાક એવા જીન્સ / સેલ્સ વિચલિત થયી જાયે છે. એટલે કે એવી કોઈ શક્તિ તે જીન્સ ને આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરે છે. અને આ રીતે તેનો આદેશ માની ને સેલ્સ ડરવા લાગે છે, મરવા લાગે છે. અને માણસ મરી જાય છે. તો કહેવા લાગ્યા, આ વાત સાચી છે.
તો મેં ડોક્ટર ને કહ્યુ હવે મારી વાત સાંભળો અમે જે કહી રહ્યા છીએ. ભાઈ અમે કહ્યે છીએ કે દેવ અને દાનવ અંદર છે. અને કોઈ કારણવશ દાનવ પ્રભાવી થયી ગયો. રાવણ પાવર માં આવી ગયો.
તેનું તો પોતા નું કામ જ છે, મારવા, કાપવા નું, તેને પોતા નું કામ શરુ કરુ દીધુ.
એજ માણસ માં જે માં રાવણ પ્રભાવી થયી ગયો છે એમાં જો રામ પ્રભાવી થયી જાયે તો?
તેનું કહ્યુ ના માને તો? પછી કહેવા લાગ્યા તો કેન્સર સારુ થયી જશે.

મેં કહ્યુ, આ બરાબર છે. હું જાણું છુ, તમે (મેડીકલ સાયન્સ) સરળતાથી નહિ માનો.
ત્યાર પછી થી મેં કહેવાનું શરુ કરી દીધું દ્ધ અનાદિ કાળ થી ચાલતું આવી રહ્યુ છે. આજે આખી દુનિયા માં રાવણ પ્રભાવી છે.
પહેલા-પહેલા એક વોહરાજી ફલોડી ગામ થી મારી પસે આવ્યા હતા. તેમને હેપેટાઈટીસ-“બી” અને બ્લડ કેન્સર હતુ. ત્યારે ગાંધી મેદાન માં મારા દીક્ષાના પ્રોગ્રામ થતા હતા. આશ્રમ નહોતો.
તે વખતે વોહરાજી આવી ને દીક્ષા લઇ ગયા અને નામ જપ ધ્યાન સતત કરતા રહ્યા. તેઓએ કેટલાક સમય પછી લેબમાં પોતાની ટેસ્ટ કરાવી.અને દીક્ષા લીધાના ૨૨ માં દિવસે લેબ રિપોર્ટ નેગેટીવ આવી એટલે કે તેઓ બન્ને બીમારીઓ થી મુક્ત થઈ ગયા હતા. એના પછી તેઓ મુંબઈ પાછા ચાલ્યા ગયા. (>>>>>)
પછી મારા શિષ્યોએ વોહરાજી રોગમુક્ત થયાની ખાતરી કરવા માટે એમને બોમ્બે ફોન કરી લેબે આપેલો નિગેટિવ રીપોર્ટ આશ્રમ મોકલવાનું કહ્યું. તેઓએ જવાબ આપ્યો કે અગાઉ બીમારી ની સારવારમાં એટલો બધો ખર્ચો થયો કે મારો મુંબઈનો ફ્લેટ વેચાઈ ગયો, સામાન વેચાઈ ગયો. હવે મારી પાસે કઈ નથી.
વોહરાજીએ કહ્યું ફરી લેબ ટેસ્ટ કરાવી પડશે જેના ૫૦૦૦ રૂ. લાગે છે. મારી પાસે એનામાટે પૈસા નથી તો   તમે જ મોકલી આપો.
હવે અમે નથી લેતા કે, નથી દેતા. તો મેં કહ્યુ ભાઈ રહેવા દો. આજે એ માણસ છે. નેગેટીવ માં જીવતો છે.
પાછલા પ્રોગ્રામ માં ઇન્ટર્વ્યું થયો હતો તેનો. પરંતુ તેની પાસે નેગેટીવ રિપોર્ટ નથી. ૫૦૦૦ રૂ. ન તો એ ખર્ચી શકે છે, ન હું આપી શકું છું.
તો આવી રીતે દરેક રોગ સારા થાય છે.
હેપેટાઈટીસ-“બી” તો એવી બીમારી છે કે ડોક્ટરો એ મને બોમ્બે માં કહ્યુ જી વિશ્વ માં કરોડો માણસો આના થી પીડિત છે. અમે જાણી એ છીએ કે ઈશ્વર પણ નથી બચાવી શકતા. તે સાજા થઈ ગયા.
આવી રીતે બધા રોગો સારા થઈ જશે.
એઇડ્સ વાળા ઘબરાશો નથી. એઇડ્સ વાળો વ્યક્તિ હું જે નામ (મંત્ર) બતાવીશ તે જપવાનું શરુ કરી દેશે તો ૪૫ દિવસ માં નેગેટીવ થઈ જશે અને થઈ રહ્યા છે, એક નહી હજારો થઈ રહ્યા છે.
હવે તો મેં દીક્ષા પછી સજા થયેલા લોકોના રિપોર્ટ લેવાના બંધ દીધા છે. પડેલા છે ઘણા બધા રીપોર્ટ આખા દેશના, ઓછા માં ઓછા ૭-૮ હાજર લોકોના.
હવે તો ડોક્ટરો પણ મારા શિષ્ય છે. મૈ કહ્યુ જી તમે સિદ્ધયોગ રોગ મટાડે છે એના વિષે બોલો તો તેમણે કહ્યુ, અમે તો કેવી રીતે બોલી શકીએ? તબીબી સમાજ ની માન્યતાઓને ને છોડી કેવી રીતે શકીએ?
ભવરલાલના કેસમા એને એઇડ્સ થયાનું જણાયું એ પહેલા એનું વજન ૬૫ કિલો હતું, એઇડ્સ એ જોર પકડ્યું તો એનું વજન ઘટીને ૪૬ કિલો થઈ ગયુ. દીક્ષા લઇ નામ જપ કર્યા વજન ફરી વધવા લાગ્યું અને આજે એનું વજન ૯૦ કલો છે.
આ કેસ સાંભળી એક ડોક્ટરે મને સંદેશો આપ્યો, ગુરુજી આ વજન વધવા-ઘટવાનું આપ કહો છો ને તો જે એઇડ્સ થયેલા લોકોએ તમારી દીક્ષા લીધી છે અને તેઓ નામ જપ કરે છે તેઓની તમે એચ.આઈ.વી. નું વાઈરલ લોડ ટેસ્ટ કરાવી લો. જે લોકોનો વાઈરલ લોડ ૫૦ થી નીચે થયાનું દેખાશે તો પુરવાર થશે કે એમનો એઇડ્સ ખતમ.
હવે હું શું જાણું સી.ડી.૪, સી.ડી ૮ જેવી મેડીકલ ટર્મસ્ શું હોય છે? એચ.આઈ.વી. વાઈરલ લોડ શું હોય છે? હું ડોક્ટર તો નથી ને ભાઈ. આ તો તેમની ટર્મસ છે.
મેં વાઈરલ લોડ ટેસ્ટ શરુ કરાવી દીધો. તો તે ઘણા કેસોમાં ૨૦ થી પણ નીચે આવી ગયો. (<<<<<<<)
બોમ્બે માં એક છોકરી નો પતિ એઇડ્સ ની બીમારી થી મરી ગયો. એને પછી મારી પાસેથી દીક્ષા લીધી. ૪/૫ મહિના વીતી ગયા પછી પોતાને એચ. આય. વી./ એઇડ્સ છે કે નહિ એ જાણવા માટે જે. જે. હોસ્પિટલમાં ટેસ્ટ કરવા ગઈ. ત્યાના ડોક્ટરે એ છોકરીના લોહીના ૩ વાર અલગ અલગ નમુના લીધા. તો છોકરીએ ડોક્ટર ને પૂછ્યું કે તમે મારા લોહીના સેમ્પલ એક વાર લેવાના બદલે ૩ વર કેમ લીધા.   .

ડોક્ટરે જવાબ આપ્યો કે તારો પતિ એઇડ્સ થી મારી ગયો હતો એટલે તને પણ એચ.આય.વી નો ચેપ લગ્યો છે કે નહિ એની ખાતરી કરવા માટે ૩ વાર સેમ્પલ લેવા પડ્યા, અને ત્રણે વાર તને એચ.આય.વી/ એઇડ્સ તને થયો નથી એવી ચોક્કસ જાણ થઈ. તો એ બીમારી છેજ નહિ

તો દીક્ષા લીધા પછી આવી બીમારીથી સંપૂર્ણ રીતે સાજા થયેલા લોકોના રિપોર્ટ્સ દિલ્લીના AIIMS હોસ્પિટલમાં અમે આપતા રહ્યા છે. જેની જાણ ભારત સરકાર ને છે. પરંતુ સરકાર એટલા માટે પરેશાન છે, કે સિધ્ધયોગ ના કારણે ગંભીર બીમારીઓ કાયમ ની રીતે મટી જાય છે એનો જહીર રીતે સ્વીકાર કેવી રીતે કરે.

એટલે એ તો સાબિત થાય છે કે તબીબી વિજ્ઞાન પાસે સ્પીરીટ નામ ની કોઈ વસ્તુ જ નથી. મેટર જ મેટર છે. સમજ્યા?

હવે ઈશ્વર ની સાધના કરવાથી માં પરિવર્તન આવી ગયુ. જુઓ, મારા માં પરિવર્તન ન આવતું તો તમને કઈ પણ ન આપી શકતો.

મેં આ નામ-જપ ૪૨ વર્ષ ઉમર થી શરુ કર્યું હતુ. અને આજે ૮૧ વર્ષ પૂરા થઈ જશે. ૨૦૦૭ માં ૮૨ વર્ષમાં પ્રવેશ કરીશ. તો આ કારણે મારા માં જે બદલાવ આવી ગયો એવુંજ પરિવર્તન તમારામાં પણ આવશે હું જો તમને કહું તો. માંરી પાસે જે છે એ તમારી પાસે પણ છે. હું તો માત્ર એની તમને જાણ કરાવું છું. હું કશુજ નથી આપતો તમને.

આધ્યાત્મમાં કોઈ કશું નથી આપી શકતુ? સમજ્યા કે ના સમજ્યા?

તમને એક રીત બતાવીશ. તેનું નામ (મંત્ર) જપશો તો અંદર વાળો ડોક્ટર ચેતન થઇ જશે.

હું પેશેંટ ને કહું છું, ડોક્ટરો ને પણ કહું છે કે, બહાર જે ડોક્ટર બેઠો છે, તેના થી ઈલાજ કરાવતા રહો.

મેં સાયન્સ નો ક્યારેય ઇનકાર નથી કર્યો. સાઈન્સ એક સચ્ચાઈ છે. પણ હજુ અપૂર્ણ છે. એ સત્ય છે. પૂર્ણ નથી.

સિકંદર ના ગુરુ હતા અરસ્તુ. અરસ્તુ તે તેમના સમય ના ખુબ મોટા વૈજ્ઞાનિક હતા. તેમને કહ્યું કે,

"વિજ્ઞાન એક અપૂર્ણ દર્શન છે. દર્શન એક પૂર્ણ વિજ્ઞાન છે". તો આપણું આ દર્શન પૂર્ણ વિજ્ઞાન છે.

ભૌતિક વિજ્ઞાન તો એક સપ્લીમેંટરી (પુરક) વસ્તુ આપી રહ્યુ છે. વિજ્ઞાન નો વિરોધ મેં ક્યારેય નથી કર્યો.

પરંતુ હું કહું છું કે એક ડોક્ટર અંદર પણ બેઠો છે.

અંદર વાળા ડોકટરે બહાર વાળા ડોકટર ને જેટલું કહ્યું છે એટલુંજ એ જાણે છે. હજુ તેની પાસે ઘણું બધું છે આપવા માટે. હું તો તમારી અંદર બેઠેલા તે ડોક્ટર થી હું તમારો પરિચય કરાવી દઈશ ભાઈ. ઇન્ટ્રોડક્શન (ઓળખાણ) કરાવી દઈશ. દોસ્તી તમારે કરવી પડશે. તે તમારુ કામ છે.

એટલે કે તેનું નામ(મંત્ર) નિરંતર જપવુ પડશે.

તો નામજાપ થી તમારી કુંડલીની જાગી જશે. કુંડલીની જેને તમે બહાર દેવી ના રૂપ માં પૂજો છો.

રાધા કહો, દુર્ગા કહો, પાર્વતી કહો, સીતા કહો, તમે એ નામ અલગ-અલગ રાખ્યા છે. અમારા યોગ માં તેને કુંડલીની કહી છે. કુંડલીની કરોડરજ્જુ ના હાડકા માં છેલ્લા ક્રમ માં જે નાનો ભાગ છે એમાં હોય છે, તેમાં સાઢા ત્રણ આંટા લગાવી ને સુતેલી હોય છે.

અને પોતાની પૂંછ પોતાના મોં માં દબાવી રાખે છે. નામ જપ કરવા થી તે ચેતન થયી ને ઉપર ઊઠવા લાગે છે.

કુંડલીની પૃથ્વી તત્વ છે તેને "મધર ઓફ યુનિવર્સ" (બ્રહ્માંડ માતા) કહેવાય છે. તે પોતાના માલિક (આકાશ તત્વ અથવા ઈશ્વર) પાસે અહી(સહસ્રાર) પહોચવા માટે ઉપર ઉઠશે.

એ જાગૃત થઈ ને સીધી ઉભી થઈ જશે અને ઉપર ઉઠવાની કોશિશ કરશે. હવે ઉપર ઉઠે કેવી રીતે? પાછળથી કોઈ ધક્કો દે તો ઉપર ઉઠે ને. તો યોગ માં પાંચ પ્રકાર ના વાયુ હોય છે. પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન.

દરેક વાયુ પોત-પોતાના શરીર માં અલગ-અલગ કામ કરે છે.

અપાન વાયુ નાભી થી નીચે-નીચે ના ડીસ્ચાર્જ ને બહાર ફેકે છે. જ્યાં સુધી અપાન વાયુ ઉપર ના ઉઠે, કુંડલીનીને ધક્કો ના દે, ત્યાં સુધી તે ઉપર નહિ ઉઠે.

આપણો ધર્મ પૂર્ણ સાઈનટિફીક છે. ભૌતિક સાયન્સમાં રોકેટ જયારે ઉપર જાયે છે ત્યારે તમે જુઓ છો કે એની નીચે સ્પાર્ક થાય છે જે રોકેટ ને ઉપર ધકેલે છે. તેવીજ રીત નો ધક્કો મંત્ર જપ (કુંડલીની ને લગાવીને તેને ઉપર ઉઠાવે છે.

કુંડલીની જાગૃત થયા પછી સાધકના શરીરમાં પહેલા ત્રણ બંધ લાગે છે. ત્રણેય બંધ આપો આપ લાગશે. તમારે કઈ જ કરવાનું નથી.
એને તમે તો ફક્ત અહી (આજ્ઞા ચક્ર) મને જુઓ, આજ્ઞાચક્ર પર અને જે નામ બતાવું તે નો જાપ કરો. બસ આનીથી વધારે તમારી ડ્યુટી નથી. જો આનાથી કઈ પરિવર્તન ના આવે તો હું તો કહું છું ભાઈ બીજા ગુરુ કરી લેજો. (>>>>>>>)
ગુરુ બનાવા એ કોઈ ફોર્માલીટી નથી. ગુરુ બીજા જન્મદાતા છે.
એનાથી દીક્ષા લઇ ને પણ એ જ કરો જે પહેલા કરી રહ્યા હતા. તો ગુરુ નો મતલબ શું રહ્યો? શું કર્યું?
ગુરુ બનાવવા એ કોઈ ફોર્માલીટી નથી. જોકે આ સમય આ એવો પ્રોફેસન છે કે, આમાં ફક્ત ગુરુ આશીર્વાદ આપે છે. લેવા-દેવા નું નથી. તો ઠીક છે. બદનામ થયી ગયા ગુરુ. ગુરુ એક બદનામ ધંધો છે.
કયાંક કોઈ ગુરુ આવ્યા તો પૂછશે, તો વાત કરશે, બોલશે નહી. કહેશે કે કલેક્શન કરવું હશે બીજું શું.
અછત પડી ગઈ હશે રૂપિયા-પૈસા ની. આના સિવાય કોઈ માન્યતા નથી. આ વાત ફેક્ટ છે.
અને આજે તો આપ જોઈ રહ્યા છો ખુલ્લમ ખુલ્લા ફી લાગે છે.
એન્ટ્રી ફી, અલગ-અલગ મંત્ર ની અલગ-અલગ ફી, ખબર નઈ શું શું ધંધો છે.
તો હું જે તમને કહી રહ્યો છુ એમાં ધન નું બળ કોઈ કામ નહિ કરે.
આજે એચ.આઈ.વી પોજીટીવ ને એક અબજ રૂપિયા આપીને પણ નેગેટીવ નહિ કરવી શકે. અને(મારી પાસે) થઈ રહ્યા છે આ દેશ માં.
બન્ને ડોક્ટર(અંદર વાળો અને બાહર વાળો) કામ કરશે તો કોઈ રોગ અસાધ્ય નથી. ભાઈ આ સંજીવની મંત્ર છે. આને જપો, તમે સાંભળી રહ્યા છો, હજુ જીવન બાકી છે.
ભલે એઇડ્સ થી બીમાર છો, ભલે કેન્સર થી બીમાર છો, ભલે કોઈ બિમારી હોયે સાંભળી રહ્યા છો,
હજુ મર્યા નથી. તો આ જીવન માં તે બિમારી થી નઈ મરો, જે ને ડોક્ટર એ અસાધ્ય કહી દીધી છે.
૧૬ વર્ષ થી આ કામ કરી રહ્યો છુ. ૧૬ વર્ષ થી. અને હજારો લોકો સાજા થઈ ગયા છે. અને એક વાત બીજી કહું, મેસેજ જે જઈ રહ્યો છે. મારા ચિત્ર થી યોગ થઈ રહ્યો છે.
ચિત્ર થી યોગ થઈ રહ્યો છે. હું અમેરિકા માં સાયન્સ વાળા ને કહી ને આવ્યો છુ, કે આ મારુ ચિત્ર છે, હૂ તો સારુ-ખોટુ કરી દઉં. મારુ ચિત્ર તો નિર્જીવ મેટર (વસ્તુ) છે. એના થી યોગ થઈ ને રોગો કેમ સાજા થઈ રહ્યા છે.
લોકો આના થી કેમ સાજા થઈ રહ્યા છે? અમેરિકા માં બહેનો મારા ચિત્ર નું ધ્યાન કરે છે, તો યોગ થઈ જાય છે. આપો આપ. એક નહિ હઝારો(સ્ત્રી) કરી રહી છે.
તો આ એક એવુ વિચિત્ર પરિવર્તન મારા માં આવી ગયુ. કહું છુ સાંભળો કેવી રીતે આવી ગયુ.
મારે આ આરાધના કરવી પડી, પરીસ્થીતીયો એ મજબૂર કર્યો, લોકો એ કહ્યું તમને માર્કેશ ની દશા છે.
હું નહોતો જાણતો કે માર્કેશ શું હોયે છે. પૂછ્યું તો કહેવા લાગ્યા આ(મૃત્યુ) છે.
મેં કહ્યુ આ તો દરેક ને થવા નું. તો કહેવા લાગ્યા કે તેના થી બચી શકાય છે. કહ્યુ ગાયત્રી મંત્ર નો જાપ કરો.
તો ગાયત્રી ના સવા લાખ મંત્રો જપ્યા. મેં દરેક મંત્ર ની સાથે આહુતિ આપી હવન કુંડ માં.
તો તેનાથી મારા શરીર માં એક પ્રકાશ આવી ગયો. પહેલા હું નહોતો જાણતો ગાયત્રી નો અર્થ શું થાય છે.
હવે તો સમજું છુ કે તે દિવ્ય પ્રકાશ ને પોતાની અંદર ધારણ કરવાની પ્રાર્થના છે.
ગાયત્રી મંત્ર થી અંદર બોડી (શરીર) જે છે તે ટ્રાન્સફોર્મ થઈ ગઈ.
ભાઈ આજે તો નથી ઉઠવાનું, પછી આંખ ખુલી ગઈ અને ધ્યાન લાગી ગયું તો શું જોઉં છુ,
મારા શરીર માં કોઈ ઓર્ગન(અંગ) નથી દેખાઈ રહ્યા. ના લીવર દેખાઈ રહ્યું છે, ના તિલ્લી, ના હર્ટ, ના બ્લડ સર્ક્યુલેશન, ના કીડની. મેં કહ્યું આ ઓર્ગન (અંગ) ક્યાં ગયા?
શરીર કેવી રીતે પ્રકાશ ના સ્તંભ જેવું બની ગયુ? મેં કીધુ- દેખાઈ છે તો આંખ થી, તો આ અંદર પ્રકાશ?

બહુ આશ્ચર્ય ની વાત છે. પછી પેટ માં થી એક ભમરાની ગુંજન સંભળાઈ. તો મેં ધ્યાન દીધું તો ગાયત્રી મંત્ર નાભી થી જપાઈ રહ્યો હતો. કંઠ થી નહિ, નાભી થી.

જેવી રીતે કોઈ સાયકલ ની ચેઈન રોકાયા વગર ચાલે એવી રીતે ચાલ્યા જ કર્યો, ચાલ્યા જ કર્યો, અને બહુ લાંબા સમય સુધી સંભાળ્યા કર્યો.

પછી સવાર નો સમય હતો. તો નળ ના પાણી ના આવાઝ થી ધ્યાન ભંગ થઈ ગયું.

પછી ધણીવાર આંખ બંદ કરીને જોયું તો પણ કાઈ ના થયુ.

તો લાગ્યું ૩-૪ મહિના થી એક જ રટ લાગેલી હતી તો ખ્યાલ રહી ગયો હશે. લોકોએ કીધુ કે તમને તો સિદ્ધિ થઈ ગયી છે. તો મને કહેવાંમાં આવ્યું કે આનો તાંત્રિક પ્રયોગ કરો. કેમ? તો કે આ ધંધા માં ધાણા લાખો રૂપિયા છે.........અમારુ પણ ભલું થઈ જશે.

પછી મારી સમજમાં આવી ગયું. કઇક ગડબડ(દિવ્ય રૂપાંતરણ) તો થઈ ગઈ, તો મેં કહ્યુ ભાઈ આ કામ તો બહુ મોંઘુ છે. સોનું આપો અને લોખંડ લો. આ હું નઈ કરુ. અંતે તેમના સમઝાવાથી ના માન્યોતો એક સર્ટીફીકેટ આપીને ગયા, “આ જાટ છે આનામાં અક્કલ નથી.” સમજ્યા?

પછી મેં કહ્યુ- મંત્રોથી આવું થાય છે.

સ્વામીવિવેકાનંદજી આવી ગયા, તેમને વાંચ્યા. તો ગંગાઈનાથજી ને ગુરુ બનાવી લીધા. જામસરમાં બેસતા હતા.

આજે પણ વરસી થાય છે. દર વર્ષે. જે દિવસે મુર્ત્યું થયું હોય એને વરસી કહે છે.

હમણાં છે ૩ જાન્યુઆરીએ, જામસરમાં છે. કોઈ જવા ઈચ્છે તો જઈ શકે છે.

મને તો તેમણે આપી છે જામસર વાળા એ.

જુઓ હું તો નોકરી કરતો હતો, પહેલા રેલ્વે માં હેડકલર્ક હતો.

તેમણે(ગંગાઈનાથજી) જતા જતા આદેશ આપી દીધો, “બેટા આગળ નું કામ તારે કરવાનું છે.”

તો ૭ વર્ષ પહેલા પ્રી-મેચ્યોર રીટાયર્મેન્ટ લઇ લીધુ.

હવે ગંગાઈનાથજી ની નોકરી કરૂ છું. પહેલા રેલવેની નોકરી કરતો હતો. સાચી વાત તો એ છે કે ડીપાર્ટમેન્ટ બદલાયો છે.

સમાધિ પર પ્રાર્થના કરી આવ્યો, પેટ વાળો મામલો(ગૃહસ્થી) તો ચાલ્યા જ કરે, બાકી ધન દોલત મારે નથી જોઈતા.

તો આવી રીતે જે પરિવર્તન આવી ગયું મારા માં તે તમારા બધા માં આવી શકે છે, નામ-જપ કરશો તો કુંડલીની જાગૃત થઇ જશે.

સારું, ત્રણ બંધ લાગશે. જેવી કુંડલિની નાભી થી ઉપર ઉઠી, બીજો બંધ લાગી જશે. આને કહેવાય છે ઉડયાન બંધ.

પછી ઉપર ઉઠતા-ઉઠતા અહિયાં કંઠ-કૂપ છે, કંઠ નો ખાડો અહીંથી ઉપર ઉઠી તો ત્રીજો બંધ લાગી જશે. આને કહેવાય છે જાલંધર બંધ.

હવે બાકીનો કરોડરજ્જુનો જે ભાગ રહી ગયો, તેમાં દરેક પ્રકારની મુવમેન્ટ (હલનચલન) શક્ય નથી. તો પ્રાણાયામ શરૂ થાય છે.

આજે તો લોકો પ્રાણાયામ પહેલા જ શરૂ કરાવી દે છે. પ્રાણાયામ તો છેલ્લી ક્રિયા છે. પ્રાણાયામ તો જયારે પૂર્ણ કુંભક થઇ જાય છે. કુંડલીની આજ્ઞાચક્ર થી ઉપર ઉઠી જાય છે તો સાધક સમાધિસ્થ થઈ જાય છે.

સમાધિ લાગ્યા વગર મૃત્યુ નું રહસ્ય નથી જાણી શકાતું. મારા ધુટણ માં દર્દ(શારીરિક તકલીફ) હશે તો દર્દની તરફ ધ્યાન રહેશે.

આજ્ઞાચક્ર થી ઉપર નીકળવાનો પ્રશ્ન જ નથી.

તો અમારા નાથસંપ્રદાય માં ૯ નાથ આજે પણ અમર છે. માંત્સ્યેન્દ્ર નાથજી કલિયુગના આદિગુરૂ હતા.

તેમણે આ યોગના વિષયમાં કહ્યું છે કે “ભારતીયયોગર્શન માં જે યોગનું વર્ણન છે તે વેદરૂપી કલ્પતરૂ નું અમરફળ છે”.

આનાથી સાધકના ત્રિવિધ તાપ શાંત થાય છે. આદિ દેહિક, આદિ ભૌતિક, આદિ દૈવિક.

તમારી અંગ્રેજી ભાષામાં ફીજીકલ ડીજીજ, મેંટલ ડીજીજ અને સ્પીરીચુઅલ ડીજીજ.

ફીજીકાલ અને મેંટલ ને તો ડોક્ટર ટેકલ (ઠીક) કરે છે, પણ સ્પીરીટ નો મામલો આવતાજ પાછા પડી જાય છે.
મેં વેસ્ટ(પશ્ચિમ) માં આ જ કહ્યુ છે કે "મેટર પ્લસ સ્પીરીટ, તોજ પાર પડશે નહિ તો નહિ પડે".
તો આ પ્રકારે જે યોગ થશે તેનાથી તમારા બધા શારીરિક રોગ સજા થઈ જશે. ગઠીયા, અસ્થમાં, ડાયબીટીજ, ખબર નથી શું શું બીમારીઓ છે. શારીરિક, તે બધી દવા વગર સારી થઈ જશે.
સારું, ઘાણા લોકો પૂછે છે દવા લઈએ કે ના લઈએ. મારો તો ૧૦ વર્ષ નો અનુભવ છે.
જેમા દવાઓ લેશો અને સાથે આ પણ(મત્ર) જપશો તો આસ્થા ૨ જગ્યાએ ડીવાઈડ(વિભાજીત) થઇ જશે. તો ટાઈમ લાગશે સાજા થવા માં, ૩-૪ મહિના લાગી શકે છે. અને ફક્ત મંત્ર પર નિર્ભર થઇ જશો તો ૪૫ દિવસ માં સાજા થઇ જશો. થઇ રહ્યા છે.
રોગી ની શકતી પર નિર્ભર છે. બિલકુલ જ બેસી ગયા છો તો દવા ચાલવા દો અને હરતા-ફરતા છો તો કોઈ જરૂરત જ નથી દવાની. સાજા થઇ જશો.
ભલે કોઈ પણ રોગ હોય આ સંજીવની મંત્ર છે, હમણાં જીવતા છો, તો આ રોગ થી નહી મારો.
હું આ ચેલેન્જ ૧૦-૧૫ વર્ષ થી આપી રહ્યો છું. અને બધા સાજા થઈ રહ્યા છે. પરંતુ ગુરુ માનવા પડશે.
હું તમને કહું, આ નાથજી ને નઈ માનતો (ગુરુ) તો મારી પાસે કઈ જ નહોતું. આ નાથજી ની કૃપા થી થઈ રહ્યુ છે ભાઈ.
હવે જે અરવિન્દે કહ્યુ છે કે ગુરુ જો શિષ્ય ને મંત્ર આપે છે. વેદોનો આપે છે, ઉપનિષદો નો આપે છે, ઈશ્વર ના નામ નો આપે છે. તો તેના અવાજ માં એ તાકત હોય છે.
હવે તમે સાંભળી રહ્યા છો. જે પહેલી-પહેલી વાર આવ્યા છો, તમને લોકોને વિશ્વાસ નઈ આવી રહ્યો હોય કે થશે કેવી રીતે?
આ આવાજ જે આવી રહ્યો છે(પરિવર્તન). આ એક એન્લાઈટેડ શરીર માંથી આવી રહ્યો છે.
એક ઓર્ડીનરી બોડી માંથી નથી આવી રહ્યો. એન્લાઈટેડ થઇ ગઈ. ઠીક છે પૂર્વજન્મના સંસ્કારો થી જ થઇ ગઈ સમજો. તો પછી ૧૯૮૪ માં કૃષ્ણ ની સિદ્ધિ થઇ ગઈ, બન્ને સિદ્ધિ (કૃષ્ણ અને ગાયત્રી ની).
અરવિંદે કહ્યું છે કે એક માણસ માં. જુઓ,
આપણે ત્યાં આરાધના ની બે રીતો છે.
એક સન્યાસીથી દીક્ષા લઇ ને મંત્ર જાપ કરે છે. બીજા મંદિર માં જવાવાળા તુલસી-ચરણામૃત લીધુ. કૃષ્ણ ના મંદિર માં ગયા. અને બન્ને મુક્તિ પામી રહ્યા છે.
મુક્તિ માટે એસ્સેન્ડ કરવું પડે છે. અહીં(સહસ્રાર) પહુચાવું પડે છે સહસ્ત્રાર માં, જ્યાં માલિક(ઈશ્વર) બેઠા છે.
અરવિન્દે કહ્યું છે કે જો આ વિકાસ એક માણસ માં થઇ જાય.
એટલે કે બન્ને સિદ્ધિઓ, એટલે કે ગાયત્રીની અને કૃષ્ણની બન્નેની સિધ્ધિઓ એકજ જન્મમાં, એકજ ફિજીકલ બોડીમાં થઈ જાય તો પછી માનવ માત્ર માટે આખી માનવ જાતી માટે સમસ્યાઓનો અંત થઈ ગયો.
એક વ્યક્તિ થઈ ગયો તો એવા દરેક માણસ થઈ શકે છે. તમે બધા થઈ શકો છો. કોઈ વન્ડર(અદ્ભુત) નથી, કોઈ આશ્ચર્ય નથી.
હવે આશ્ચર્ય એટલા માટે થાય છે કે આજ સુધી આવુ થયું નથી. સમજ્યા કે ના સમજ્યા?
અને પાછુ થઈ પણ રહ્યું છે. તો મારા જેવા એક સાધારણ માણસ માં, જેની પાસે કોઈ સાધન નથી.
તો આજે તો ધન ની બોલાબાલ છે. પરંતુ જો ધનના બળથી સારુ થઈ જતુ તો અત્યાર સુધી માં અમેરિકા બધા રોગો સારા ના કરાવી લેતા.
મારી પાસે કેમ આવી રહ્યા છે? ઘણા લોકો આવી રહ્યા છે. બોમ્બે થી આવી રહ્યા છે, ગુજરાત થી આવી રહ્યા છે.
આખો દેશ બોમ્બે જાય છે ઈલાજ માટે. તે લોકો મારી પાસે આવી રહ્યા છે. કારણકે કે બોમ્બે માં મારા ઘણા પ્રોગ્રામ થયા છે.
તો આ પ્રકારે નામ-જપ અને ધ્યાન થી, ધ્યાન-જપ કરશો તો યોગ થશે અને યોગ થવાથી બધા જ શારીરિક રોગો ખતમ થઈ જશે.

નાની એવી બીમારી છે થાયરોઈડ. ૭-૮ દિવસમાં સારી થઈ જાય છે, નહિ તો જીવનભર દવાઓ લો, ડોક્ટર ની મહિના ની ૨-૩ વિજીટ કરો. ક્યારેક એક ગોળી, ક્યારેક અડધી ગોળી, ક્યારેક દોઢ ગોળી લો. અહીતો ૭-૮ દિવસ માં ગોળી બંદ.
આ(થાયરોઈડ) બે પ્રકાર નો હોય છે. હાયપર અને હાઈપો.
આ કોઈ મિરેકલ(જાદુ) નથી થઈ રહ્યો. આ માણસ માં થવા વાળો ડ્યુ(બાકી) વિકાસ છે.
આપણું ઋગ્વેદ કહે છે, શરીર ની રચના ૭ પ્રકાર ના શેલ્સ(કોષ) થી થઈ છે. તેમાં આત્મા છે.
પછી વૈદિક ઋષિ અલગ-અલગ શેલ્સ(કોષ) ની વાત કરે છે. પહેલાતે મેટર થી શરૂ કરે છે.
અન્ન થી બનવા વાળો કોશ- અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ અને પછી વિજ્ઞાનમય કોષ.
વિજ્ઞાનમય કોષ તો પશ્ચિમે ખુબ વિકસિત કરી લીધો. હું એટલા માટે જ યુ.એસ ગયો હતો..
મેં કીધું ફક્ત વિજ્ઞાન થી કામ પાર નઈ પડે. ઉપર વાળા ૩ કોષ ચેતન થશે માનવ જાતી માં સત-ચિત્-આનંદ.
જેને આપણે કહીએ છીએ સત+ચિત્+આનંદ=સચ્ચીતાનંદ, ભગવાન કૃષ્ણ ને સચ્ચીતાનંદ કહે છે.
સત+ચિત્+આનંદ, હું તેના નામ(કૃષ્ણ) ની દીક્ષા આપું છું. રાધા-કૃષ્ણ ના નામ ની દીક્ષા આપું છું.
તો આ વિકાસ જયારે માનવજાતિ માં આવી જશે ત્યારે કોઈ રોગ અસાધ્ય નઈ રહે.
હું આ પ્રકટીકલ કરી રહ્યો છું. પહેલા તો કહેતો હતો તો કોઈ માનતા નહોતા, હવે કહેવાનું બંધ કરી દીધુ. પ્રકટીકલ કરીને બતાવી રહ્યો છું. આજે જ ફેસલો થઈ જશે, એક પણ પૈસો નહી લાગે, કેન્સર એઇડ્સ મફતમાં સાજા થઈ જશે. સમજ્યા કે ના સમજ્યા?
પરંતુ ગુરુ માનવા પડશે અને હું કહું એ મંત્ર ને જ જપવો પડશે, તેમાં એડીશન, અલ્ટરેશન નહી ચાલે.
કોઈ ઓમ આગળ લગાવી દે અને કોઈ નમઃ પાછળ લગાવી દે, એ નઈ ચાલે.
આદિગુરુ શંકરાચાર્ય એ જે અદ્વેત દર્શન ની વાત કહી છે, એ પ્રૂવ(સાબિત) કર્યુ છે. અદ્વૈત-દર્શન નો અર્થ શું છે. તમે જાણો છે?
બે(મનુષ્ય અને ઈશ્વર અલગ-અલગ) છે જ નઈ, એક જ પરમસત્તા અંદર બેઠેલી છે.
રામ બધા ની અંદર બેઠા છે. એ(રામ) ઘટ-ઘટ ના વાસી છે. આ જ અદ્વૈતવાદ છે. હું તેને મૂર્તરૂપ(આકાર) આપી રહ્યો છું.
આ તો આદિગુરૂ શંકરાચાર્ય પહેલે થી જ સાબિત કરી ગયા છે. પરંતુ વચ્ચે આપણી સંસ્કૃતિ થોડી પતનની તરફ ચાલી ગઈ હતી. એટલજ જ્ઞાન લુપ્ત થઈ ગયુ હતું. ફરી પાછુ સરફેસ(સપાટી) માં આવી ગયુ, અને આખા વિશ્વ માં ફેલાશે. તો આ ત્રણેય કોષ ચેતન થઈ જશે.
આને ધ્યાન માં રાખીને અરવિન્દે કહ્યું છે “આગામી માનવ-જાતી દિવ્ય શરીર-રૂપ ધારણ કરશે”.
આ પ્રકારે જે શારીરિક રોગ છે તે (નામ-જપ થી) આ યોગ થી દવા વગર સાજા થઈ જશે.
બીજા હોય છે માનસિક રોગ. ૮૦% બીમારીઓ માનસિક ટેન્શન થી થાય છે.
ડોક્ટર પાસે માનસિક ટેન્શન ખતમ કરવા માટે કોઈ દવા નથી. કોઈ એક ફાર્મુલા નથી જેનાથી ટેન્શન ખતમ થઈ જાય.
નશાની દવા આપે છે જેનો ૪-૫ કલાક અસર રહે છે.
જ્યાં સુધી અસર રહે, ત્યાં સુધી રાહત રહે છે અને અસર ખતમ થઈ ગયો તો રોગ એવો ને એવો અને ટેન્શન પણ એવું ને એવું.
માનસિક તણાવ ખતમ નથી કરી શકતા ડોક્ટરો. નશો વાસ્તવ માં એક દવા છે, એ આપણે પણ માનીએ છીએ.
પણ એ નશો મેટર નો ના હોવો જોઈએ, “સ્પીરીટ” નો હોવો જોઈએ. તે નશો સ્પીરીટ નો હોવો જોઈએ.
તો હું તમને જે કૃષ્ણ ના નામનો મંત્ર આપીશ, તેનાથી તમને આનંદ આવાનો શરૂ થઈ જશે.
હવે આપણા સંતોએ તેને નામ ખુમારી કહી છે. નાનક દેવજી મહારાજ કહેં છે- “ ભાંગ-ધતુરા નાનકા ઉતર જાય પ્રભાત, ભાંગ-ધતુરા લઇ ને જોઈલો, આંખી રાત સુઈ જાઓ, સવારે નશો સાફ, નામ-ખુમારી નામ કી ચઢી રહે દિન રાત”
“ ભાંગ-ધતુરા નાનકા ઉતર જાય પ્રભાત, નામ-ખુમારી નામ કી ચઢી રહે દિન રાત”
આ જ વાત કબીરદાસજી એ કહી છે. “નામ અમલ ઉતરે ના ભાઈ, નામ નો નશો ઉતરતો નથી,
ઔર અમલ છિન-છિન ચઢે ઉતરે, નામ અમલ દિન બઢે સવાયા”. તો ગીતા માં ભગવાને આને આનંદ કહ્યો છે.

દિવ્ય આનંદ કહ્યો છે, અક્ષય આનંદ કહ્યો છે, અનંત આનંદ કહ્યો છે, અદ્વિતીય આનંદ કહ્યો છે, ઈશ્વર ધ્યાન-જાણિત આનંદ કહ્યો છે. ગીતા માં ૫ શ્લોક છે, ૫ માં અધ્યાય માં ૨૧ મો શ્લોક, છઠા અધ્યાય માં ૪ શ્લોક છે- ૧૫, ૨૧, ૨૭, ૨૮ સમજ્યા કે ના સમજ્યા? તો એ નામ વાળો નશો ઉતરતો નથી.
ડોક્ટર વાળો ઉતારી જાય છે. એટલા માટે રોગ ખતમ થઈ રહ્યા છે.
એટલા માટે ટેન્શન થી રિલેટેડ (સંબંધિત) બધા રોગ આ નામના નશાથી સાજા થઈ જશે. સમજ્યા?
કુંડલીની જે યોગ કરાવશે તેનાથી શારીરિક રોગ સારા થઈ જશે..
પહેલા તમારુ આસન બદલાશે, પછી બંધ લાગશે, પછી કુંડલીની ઉપર પહોચશે, અહીં(સહસ્રાર) થી ઉપર ગઈ તો સમાધિ લાગી જશે.
સમાધિસ્થ થવા માટે પૂર્ણ રોગ મુક્ત થવું ખુબજ જરૂરી છે.
તો આ પ્રકારે માનસિક રોગ ખતમ, શારીરિક રોગ ખતમ નશા છૂટી જશે.
હવે, નશા છૂટી રહ્યા છે તેના થી વેસ્ટ(પશ્ચિમ) ને બહુ પરેશાની છે.
તે લોકો મને કહેતા હતા- “અમે લોકો તો ભગવાન થી નથી ડરતા પણ આ હેરોઈન મારશે, આ નથી છૂટતી. જોર લગાવી લીધુ અફીણ, બીડી, સિગરેટ પણ નથી છુટતા..
તો આપણા ત્યાં બધું(નશા) છૂટી જાય છે. થોડાક જ દિવસો માં છુટી જાય છે. આ બધું વૃત્તિઓ બદલાવાથી થાય છે.
તમને ખબર છે? ત્રીગુણોમઈ માયા થી આ સૃષ્ટિ ની ઉત્પત્તિ થઈ છે. રજો ગુણ, તમોગુણ અને સતોગુણ.
તો અંદર(શરીરમાં)તામસિક ગ્લેન્ડ નશો, મીટ અને શરાબ ની ડિમાંડ કરે છે. તેને સાયન્સ ખતમ નથી કરી શકતી. તેને છીનવે છે.
તે છિના-ઝપટી માં તે(રોગી) મરી જાય છે. અફીણ નો બીમાર મારી જાય છે.
એક ગામ છે, કિરાડા. હિસાર, હરિયાણા માં છે, ત્યાં એક વ્યક્તિ ઇન્ટ્રાવિન્સ હેરોઈ ના ઇન્જેક્શન લેવા લાગ્યો.
લેતા-લેતા રોજાના ૧૦ થી ૧૨ લેવા લાગ્યો તો પોતાની જાતે જ લેવા લાગયો(ઇન્જેક્શન). તો ઘરવાળા ને ખબર પડી ગઈ. તેઓ એને એઈમ્સ(દિલ્હી ની હોસ્પિટલ) લઇ ગયા.
ડોક્ટર કીધુ કે જો છોડાવી(હેરોઈન) દેશો તો ૧૦ દિવસમાં મારી જશે. નહીતર બે વર્ષ થી વધારે જીવતો નઈ રહે.
તે મારી પાસે આવી ગયો. ૫-૬ દિવસમાં જ બધી ગોળીઓ-નશો વગેરે છુટી ગયા. ડોક્ટર કહેં છે કે અમારા સાયન્સ પ્રમાણે તો એને જીવવાનો અધિકાર નથી. પણ આજે તે જીવતો છે. હિસાર(ગામ) માં પોતાના કૃષિ ફાર્મ માં ટ્રેકટર ચલાવે છે.
તો આમ કેમ થઈ રહ્યું છે. કે વૃત્તિ નથી બદલાતી.
સ્વામી વિવેકાનંદજી **U.S.** માં સ્પીચ આપી રહ્યા હતા, એક અમેરિકને ઉભા થઈ ને કહ્યુ “મહારાજજી, આપ બહુ મોટુ લેક્ચર આપી રહ્યા છો, તમારા ધર્મ માં તો શાકાહારી અને માંસાહારી નું બહુ મોટુ ચક્કર છે અને અમારા માં તો માંસ અને દારૂ ખાવાવાળા લોકો છે”.
તો સ્વામીજીએ ચાલતી સ્પીચ માં કહી દીધુ કે “યુ નીડ નોટ ટુ ગીવ અપ ધ થીંગ્સ, થીંગ્સ વિલ ગીવ યુ અપ”
એટલે કે તમારે એ વસ્તુએ છોડવા ની જરૂર નથી, તે વસ્તુ ઓ તમને છોડી દેશે. પછી શું કરશો?
કેટલાય સંત ઉપદેશ આપે છે કે દારૂ ના પીશો, અફીણ ના ખાશો, આ ન કરો, પણ કોઈ માને છે કઈ?
અહીં(એક કાન) થી સાંભળે છે અને અહી(બીજા કાન) થી કાઢી નાખે છે. તો મરી વાત શા માટે માને? હું કહું છુ ના છોડશો કઈ.
શરાબ પીઓ છો તો ૧ ની જગ્યાએ દોઢ બોટલ આજ થી જ શરૂ કરી દો. આ ચૈલેંજ છે.
પણ નામ-જપ ના છોડતા. આજ સુધી નામ અને નશો સાથે નથી ચાલ્યા. હજારો માણસો નું છુટી ગયુ છે.
ગણવાનું શું, ગણતરી લાખો(માણસો) માં હોઈ શકે છે. બાડમેરમાં અફીણ છુટી ગઈ ફક્ત મારા ચિત્ર થી.
હવે વિજ્ઞાન તે જોઈને પરેશાન છે. આના ચિત્રથી આ શુ અડંગો શરૂ થઈ ગયો?
આતો મારા માં પરિવર્તના આવી ગયુ ભાઈ ઇનોસન્ટ(નિર્દોષ) રીતે આવી ગયું. આજે જે છું તે બનવા નહોતો ઇચ્છતો.

હું પણ તમારી જેમ એક ગૃહસ્થી અને બહુ ઈગો(અભિમાન) વાળો વ્યક્તિ હતો.
તો આ રીતે નશો છુટી ગયો, શારીરિક રોગ ખતમ, માનસિક રોગ ખતમ, ભૌતિક સુખ તો મળીજ ગયુ ને.
હવે ભગવાન કૃષ્ણએ કહ્યું છે, ગીતામાં ચોથા અધ્યાય માં "યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતી ભારતઃ....તે યુગ આવી ગયો. તે યુગ આવી ગયો.
ફક્ત આપણી જ નઈ, આખ્ખા સંસારના બધા ધર્મોની એક જેવી જ સ્થિતિ છે.
હું ઈજારાઈલ ગયો હતો, ત્યાં પણ યહુદીઓની આવી જ હાલત છે. અમેરિકામાં પણ અમેરિકન્સ ની આવીજ હાલત છે.
બધા ધાર્મિક ક્ષેત્રની વાત જોવા માટે કહે છે. જુઓ ઇસાએ કર્યું, મુસા એ કર્યું, મહોમ્દે કર્યું.
આપણેકહી રહ્યા છીએ કે જુઓ રામે કર્યું, કૃષણએ કર્યું, બુધ્ધે કર્યું, બધા જ કહે છે કે પાછળ(ઈતિહાસ) જુઓ.
અને આપણે જોઈ રહ્યા છીએ પાછળ અને ચાલી રહ્યા છીએ આગળ. તો પછી ઠોકર ન વાગે અને ખાડામાં નીચે ન પડીએ તો બીજું શું થાય?
આગળ ચાલવાની કોઈ વાત જ નથી કરતુ. આગળ તો મૃત્યુ છે ને. મૃત્યુ શું છે? એની તો કોઈને જાણ નથી. કોઈને સમય ની જાણ જ નથી.
અને ઠોકરો ખાઈ રહ્યા છે. અને પરેશાન થઈ રહ્યા છે. આખ્ખા વિશ્વના ધર્મ, એક ધર્મ નઈ. બધાજ ધર્મો ની આવી જ સ્થિતિ છે.
હવે પાતંજલિ યોગ દર્શન ની વાત કરવા વાળા આ વાત બતાવવાનુ જ ભૂલી જાય છે, કે પાતંજલિ યોગ દર્શન ના ત્રીજા ચેપ્ટરમાં વિભૂતિ-પાદ છે.
તેમાં ઋષિએ કહયું છે કે જો સાધક ને પ્રતીભજ્ઞાન પ્રાપ્ત થઈ જાય તો તેને ૬ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.
તેમાં પહેલી સિદ્ધિ છે, ધ્યાન અને સમાધિ ની સ્થિતિ માં સાધક અનલિમિટેડ પાસ્ટ અને ફ્યુચર ને જોઈ અને સાંભળી શકે છે.
ત્રીજી આંખ દ્વારા. જ્યાં સુધી દસમું દ્વાર ન ખુલે ત્યાં સુધી ન કોઈ યોગ છે કે ન કોઈ ધ્યાન છે.
એટલે ગુરુને ત્યાં(આજ્ઞાચક્ર પર) જોવામાં આવે છે. આજ્ઞાચક્ર પર ગુરુ મનને અરેસ્ટ કરી લે છે.
ગુરુત્વાકર્ષણ નું જ નામ ગુરુ છે. આ શરીર કઈ ગુરુ નથી. આ તો હમણ મારી જશે ૨-૪ વર્ષ માં.
ગુરુ તો તમારી અંદર બેઠા છે. તો આપણા વિજ્ઞાન (આધ્યાત્મિક વિજ્ઞાન) માં ટાઈમ અને સ્પેઇસની(જગ્યા) કોઈ વેલ્યુ(મુલ્ય) નથી.
તમે મારામાં છો અને હું તમારા માં છું. તમે જ્યાં યાદ કરશો હું પ્રેજેન્ટ(હાજીર) થઈશ.
ગુરુ જો હકીકતમાં ગુરુ હોય તો ઓમ્નીપ્રેજેન્ટ(સર્વવ્યાપ્ત) હોય. અને જો પ્રોફેશનલ છે તો આશીર્વાદ આપી દો.
અને રાજી-ખુશી થી જે આપશો તે લઇ જશે. એવું ચાલી રહ્યું છે. તેમાં કોઈ વાત નથી. ફી પણ લેવામાં આવી રહી છે.
હવે એક એચ.આઈ.વી. પોજીટીવ થયા પછી, મેં વેસ્ટમાં પણ કહ્યુ કે એક અરબ રૂપિયા આપીશ જો સાજો કરી બતાવશો તો. અને મારે પાસે તો મફત માં થઈ રહ્યા છે.
તો આ પ્રકારે તમે ધ્યાન અને નામ-જપ કરશો તો તમને અનલિમિટેડ પાસ્ટ-ફ્યુચર દેખાશે અને સંભળાશે.
વિજ્ઞાન પણ આ વાત માને છે કે જે શબ્દ બોલાયો છે તે બ્રહ્માંડ માં રહે છે, ક્યારેક નષ્ટ નથી થતો.
જો તમારી પાસે પ્રોપર(યોગ્ય) યંત્ર હોય તો આપ એ ધ્વની ને સાંભળી શકો છો. આપણો યોગ કહે છે. જયારે આવાજ છે, શબ્દ છે તો બોલવાવાળું પણ કોઈ રહ્યુ જ હશે. તેમને બોલતા દેખવા સાંભળવા શકાય છે.
એ ક્રિકેટવાળા તો રિપ્લે દેખાડે છે. મેં કહ્યું એ તો રિપ્લે દેખાડી રહ્યા છે.
ડન ઇજ ડન (થઈ ગયુ એ થઈ ગયુ). મહાભારત થયી ગયુ એ અનડન(પાછું ફરી) થોડું થવાનું.
હવે આગળ શું થવાનું છે તે માણસો જોઈ શકે છે. આ વિજ્ઞાન ને ખુલ્લી ચેલેન્જ છે. સમજ્યા કે ના સમજ્યા?
તેઓ(વિજ્ઞાનવાળા) સામે નથી આવી રહ્યા. પશ્ચિમ ને ખુબ ગર્વ છે કે સાયન્સ ઇજ ગોડ(વિજ્ઞાન ભગવાન છે).
મેં યુ.એસ માં કહ્યું કે આ ખોટ્ટું છે. એમ બોલો કે ગોડ ઇજ સાયન્સ(ભગવાન વિજ્ઞાન છે). તો તે ચુપ થઈ ગયા. મેં કહ્યુ ઈશ્વરે મનુષ્ય ને પેદા કર્યો, સાયન્સ તો પછી શીખ્યુ. તો તમે કેમ સાઈન્સ ને ભગવાન બનાવી દીધા?

તમારા ભગવાન(સાયન્સ) કેમ એક પણ એચ.આઈ.વી. ને સારુ નથી કરી શકતા અને અમારા વાળા ભગવાન(યોગ) સારુ કરી રહ્યા છે.
તો આ પ્રકારે ધ્યાન ની સ્થિતિ માં તમે કેટલાક લોકોનું મૃત્યુ જોઈ લીધુ.
પોતાના કોઈ પરિચિતો નું મૃત્યુ જોઈ લીધુ. જે આવ્યો છે તેને જવાનું તો છે જ, ૨૦ વર્ષમાં, ૩૦ માં, ૫૦ માં કાતો ૧૦૦ માં.
તમે બદ્ધા જાણો જ છો કે મરવું તો પડશે જ. બચવાનો કોઈ ઉપાય નથી. તો પછી ડરો છો કેમ?
માયાએ મૃત્યુને એવું ડરામણું બનાવી દીધું છે કે કોઈ એને સ્વીકાર નથી કરતું અને મૃત્યુ કોઈને છોડતું નથી.
તો નામ-જપ અને ધ્યાન થી માયા નું આવરણ ક્ષીણ થઈ જશે. મૃત્યુ ની સત્યતા સામે આવી જશે.
હવે જયારે ખબર પડશે કે આ તો ઈશ્વર નું એક વરદાન છે. જે જન્મ-મરણ થી છુટકારો અપાવે છે. તો જલ્દી આવે(મૃત્યુ) તમને ડર નઈ લાગે.
આ વિષયમાં કબીરે કહયું છે કે “જાં મરને સે જગ ડરે, મોરે મન આનંદ, કબ મારીએ કબ પાઈએ પૂરણ પરમાનંદ”
તો આવી સ્થિતિ તમારી આ જ જન્મ માં થઈ જશે. ભલેને કોઈ ધર્મ, વર્ણ, જાતી ના હોવ, કોઈ ફરક નથી પડતો.
કશ્મીરી શૈવ સિદ્ધાંત જે છે ને, આજ-કાલ તો કશ્મીર ના નામ થી લડાઈ-ઝગડો થાય છે, કોઈ વધો નથી.
કશ્મીરી શૈવ સિદ્ધાંત તો માનવ માત્ર માં પરિવર્તન ની વાત કરે છે.
હું કશ્મીરી શૈવ સિદ્ધાંત ને મૂર્તરૂપ આપી રહ્યો છું. તો પ્રતીભજ્ઞાન પ્રાપ્ત થઇ જશે.
ધ્યાન ની સ્થિતિમાં તમે પોતાના કેટલાય પરિચિતો નું મૃત્યુ જોઈ લીધુ. કેવી રીતે મરશે? અને એવી જ રીતે ૧૦-૨૦-૩૦ લોકો મરતા ગયા, મરતા ગયા.
એકાધ હોય તો એક્ષેસ્પ્શન્ માની ને છોડી દો. પણ ૧૦-૨૦-૩૦ જેવા જોયા તેવા મરતા ગયા તો?
ક્યારે ખયાલ આવ્યયો કે તું ક્યાથી અમર રહીશ? તો તમને એક્જેકટ(બરાબર) દેખાઈ જશે કે કેવી રીતે મરશો?
કઈ ઉમર માં મૃત્યુ પામશે તે દેખાઈ જશે. અને પોતાની મોત જોઈ ને ગભરાઈ ગયા.
દુનિયા મરે તો આપણે શું લેવા-દેવા પણ જયારે પોતાનું મૃત્યુ જોયું તો પછી ખરું-ખોટું જે જીવન માં કર્યું છે તે સામી આવી જાય છે.
દુનિયા થી તો છુપાવી લો પણ પોતાનાથી કોઈ છુપાવી શકે છે ખરું? તમે શું કર્યું, શું નથી કર્યું?
અને તેને જોઈને જે ખોટુ કામ કર્યું છે તે માટે ભગવાન ને પ્રાર્થના કરે છે કે તુ તો દયાળુ છે ને.
સાંભળ્યુ છે કે તું દયાળુ છે. મારા થી ભૂલ થઈ ગઈ. હું નાલાયક હતો હવે મને માફ કરી દે, ફરી વાર નઈ કરું.
પછી તેને, જેમ અર્જુન ને ખાલી ચકલીની આંખ દેખાય છે. બસ તેની જેમ(એકાગ્ર) આંખ બંધ કરીને પ્રાર્થના કરે છે. હે પ્રભુ આ વખતે બચાવી લો.
પલકો ઉલટાવી ને જુઓ તો અંદર જ બેઠો(પ્રભુ) છે. આખુ બ્રહ્માંડ અંદર છે. તો આખા બ્રહ્માંડ નો રચિયતા (બનાવવા વાળો) પણ અંદર જ છે.
સાક્ષાત્કાર થઈ જશે. એટલેકે જન્મ-મરણ થી છુટકારો મળી જશે.
આ સાયકલ(ક્રમ) થી માણસ મુક્ત થઈ જશે. મારો ઓબ્જેક્ટ(ઉદ્દેશ્ય) તો આ છે.
મારો ઓબ્જેક્ટ (ઉદ્દેશ્ય) રોગ સાજા કરવાનો નથી. મેં ક્યારેક નથી કહ્યુ કે હું રોગ સાજા કરું છુ. રોગ સાજા કરવાવાળો તમારી અંદર બેઠો છે.
બહાર વાળા થી તમે ઈલાજ ચાલુ રાખો અને અંદર વાળા થી જોડાઈ જાઓ. પછી જુઓ કેમ નથી સાજા થતા?
થઈ રહ્યા છે(રોગ સાજા). એટલેજ તો લોકો આવી રહ્યા છે. બિચારા દેશના ખૂણે-ખૂણે થી આવ્યા છે.
આ પ્રકારે કબીરે કહયું, બીજું એક ઉદાહરણ આપુ કબીરનું,
“ જળ વિચ કુંભ, કુંભ વિચ જળ હે, બાહર ભીતર પાણી”, પછી કહે છે, માટીનો ઘડો છે. પાણીથી ભરેલો છે.
એને પાણી ની અંદર રાખી દો તો ઘડાની અંદર પણ પાણી અને બાહર પણ પાણી.
“જળ વિચ કુંભ, કુંભ વિચ જળ હે બહાર ભીતર પાણી, વિઘટા કુંભ જળ જળ હી સામના યે ગતિ વિરલે ને જાની”

કબીર કહે છે માટીનો ઘડો ઓગળી જાય, ફૂટી જાય, તો પછી બહાર વાળું પાણી અને અંદર વાળું પાણી એક.
તો આ જે ઘડો(શરીર) લઇ ને બેઠા છો ને, એ આજે નઈ તો કાલે ઓગળવાનો જ છે. ભાઈ, જો જન્મ-મરણ ના ચક્કર થી છૂટવા માંગતા હોવ તો પછી નામ-જપ અને ધ્યાન કરો. લગાવી દો નામ-જપ ની ઝડી.
આ નામ-જપ ના છોડતા, નામ ચાવી છે. નામ નો નશો નઈ આવે ત્યા સુધી ધ્યાન નહી લાગશે.
તો નામ-જપ(મંત્ર) દરેક સમય કરો. ઉઠતા-બેસતા, ખાતા-પિતા, ટોઇલેટ જતા, પેશાબ કરતા, આમાં કોઈ રોક-ટોક નથી.
હા, બોલીને જાપો. નહાઈ-ધહોઈ, આસન પર બેસી, અગરબતી કર્મ કાડ કરી.
માનસિક જપ, ગાયત્રી મંત્ર નો માનસિક જપ કોઈ પણ કરી શકે છે.
તો આ એક પ્રકાર ની જીવન માં પરિવર્તન લાવાની રીત છે.
હવે હું એ મંત્ર કહું તમને તેના પહેલા થોડી મર્યાદા બતાવી દઉ.
મહર્ષિ અરવિંદે પણ કહ્યું છે, ગુરુ દ્વારા આપવામાં આવેલો મંત્ર જ કામ કરે છે. ગુરુના મુખ થી જે મંત્ર લીધો એજ કામ કરે છે.
ચોપડી માંથી વાંચેલો અસર નથી કરતો. એને પણ મોસ્ટ સિક્રેટ કહ્યો છે. એ મંત્ર ગુપ્ત છે.
તો હું તમને જે મંત્ર આપુ તેને તમારે બીજા કોઈ ને નહિ કહવાનો. બીજા કોઈને એટલે કે જે દીક્ષા માં નથી આવ્યા તેમને.
અભણ સ્ત્રી-પુરુષ સાથે બેઠા હોય તે એક બીજા ને બતાવી શકે છે. પરંતુ જે આવ્યા જ નથી, તેને ના કહેશો. અને બતાવી દીધો તો એનો તો કોઈ લાભ નહી થાય.
ભગવાનનું નામ લેવાથી ભૌતિક સમસ્યાઓ નો અંત ના આવે તો નામ(મંત્ર) જ શું કામ લો?
પણ જેમણે લીધુ જ નથી તે ઉપદેશ આપે અને પોતે એનાથી ઉન્ધો ચાલે, ત્યારે ફાયદો નથી.
તો મારે પણ કરવુ પડયુ.(નામ-જપ) મારે જપવુ પડયુ. રાજીખુશી થી તો મેં પણ નથી જપ્યા(મંત્ર) ભાઈ.
પરિસ્થિતિઓ એ મજબુર કર્યો અને અહીં સુધી પહોચાડી દીધો. તો ગુરુ નો આદેશ છે કે તારા દરવાજે થી કોઈ ખાલી-હાથ નઈ જાય.
પાત્ર ઉંધુ રાખશો તો મારા હાથ ની વાત નથી. અને ગુરુ ના પ્રતિ સમર્પિત ભાવ, ગુરુ બીજુ કંઈજ નથી ઈચ્છતા.
હવે એ મારી આવાજ માં આ પરિવર્તન આવી ગયુ. સ્વામી વિવેકાનંદ અમેરિકા માં ભાષણ આપી રહ્યા હતા. તો ચોપડીયું જ્ઞાન તો બોલી દીધુ.
તો હવે શું બોલશે, ચાલ્યા ગયા સ્ટેજ ઉપર, બોલવા લાગ્યા, જયારે નીચે ઉતર્યા તો કહેવા લાગ્યા,
“આજે હું શું બોલ્યું, મને નથી ખબર, પણ તાળીઓ હમેશા કરતા વધારે વાગી”.
ત્યારે તેમણે કહ્યું કે “હું તો ભ્રમ માં હતો કે હું બોલી રહ્યો છુ, પણ એ તો રામકૃષ્ણ પરમહંસ બોલી રહ્યા હતા.”
તો મને એવો ભ્રમ નથી. હું નથી બોલી રહ્યો આતો આ નાથજી બોલી રહ્યા છે. ગંગાઈનાથજી.
હું તો એમનું એક માઈક છું ભાઈ, આ આવાજ તો એમનો જ છે. સીધી વાત છે.
(ગુરુદેવ અહીં મંત્ર કહે છે. મંત્ર પ્રાપ્ત કરવા માટે “મંત્ર કેમ પ્રાપ્ત કરવો” લિન્કને ક્લિક કરો)
હવે તમે લોકો ૧૫ મિનટ ધ્યાન કરો. કોઈ યોગિક મુવમેન્ટ થાય તો ગભરાશો નઈ.
જેટલો ટાઈમ(સમય) માંગ્યો હશે તેનાથી એક સેકંડ પણ આગળ-પાછળ નઈ થાય..
ઠંડીમાં(ધ્યાન) અડધો કલાક સુધી કરી શકો છો અને ગરમીમાં ૧૫ મિનટ સુધી. પરંતુ નામ-જપ રોકાવું ના જોઈએ.
નામ(મંત્ર) ચાવી છે. બધી સમસ્યાઓ નો ઉપાય તો નામ(મંત્ર) થી જ થશે.
ગૌસ્વામી તુલસીદાસજી એ કહ્યું છે, “કલયુગ કેવળ નામ આધારા, સુમિરે-સુમિરે નાર ઉત્તરે પારા”.
હવે ૧૫ મિનટ ધ્યાન કરી લો...........